દાખલ તા. ૦૬/૦૪/૨૦૨૩.
રજી.તા. ૦૭/૦૪/૨૦૨૩.
ફેસલ તા. ૧૮/૦૪/૨૦૨૬.
સમય વર્ષ માસ દિવસ

**મે.દયાપરના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.દયાપર-કચ્છ.**

ફોજદારી.કેસ.નંબર.૨૦૮/૨૦૨૩.
આંક-

શ્રી સરકાર.

// **ફરિયાદી**

**વિરુદ્ધ**

ભાવેશ શંભુભાઈ વાળંદ
ઉ.વ-૨૩, ધંધો-ડ્રાઇવિંગ
રહે.કૈલાશનગર,તા.નખત્રાણા-કચ્છ.

// **આરોપી**

ફરિયાદપક્ષે - વિ.એ.પી.પી.શ્રી.એન.જે.પુજારા.

.................................................................................................................................

**ગુન્હો > પ્રોહી.એક્ટ.કલમ ૬૬(૧)બી, ૮૫(૧) મુજબ....**

.................................................................................................................................

**-:ઠરાવ:-**

**કેસની હકીકત:-**

(૧). ફરિયાદપક્ષ ના કેસ ની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના

આરોપી એ તારીખ ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ ગેરકાયદેસર વગર પાસ પરમીટે જાહેરમાં પ્રતિબંધિત કેફી પીણું પીધેલી હાલતમા મળી આવી પકડાઈ જઈ પ્રોહી એક્ટ કલમ **૬૬(૧)બી, ૮૫(૧)** મુજબનો ગુનો કર્યા અંગે ફરિયાદીની ફરિયાદ ના આધારે તપાસ કરનાર અધિકારી એ હાલનુ ચાર્જશીટ કરેલ છે.

**<u>આરોપીની પ્લી</u>**:-

(૨). તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ કર્યા બાદ આ કામના આરોપી ને સમન્સ ની બજવણી ન થતા અને આરોપી કોર્ટમા હાજર ન રહેતા પુરોગામી સાહેબ શ્રી દ્વારા આરોપી વિરુદ્ધ ક્રિમિનલ પ્રોસીજર કોડ ની કલમ-૨૯૯ મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષ નો પુરાવો</u>** :-

(3). ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબ નો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **<u>વિગત</u>** | **<u>આંક</u>** |
|---|---|
| ૧.ફરીયાદી દશરથભાઈ બદાભાઈ માળી ની જુબાની | 03 |
| ૨.પંચ સાહેદ ઉમેદભાઈ કલુભાઇ મહેશ્વરી ની જુબાની | 0૫ |

| | |
|---|---|
| ૩.પંચ સાહેદ કેશર વાલા પારાધી ની જુબાની | ૦૭ |
| ૪.સાહેદ ડો.એસ.પી.મલેક ની જુબાની | ૦૮ |
| ૪.પંચ સાહેદ અબ્દુલ ભેગાન ઓઠાની જુબાની | ૧૧ |
| ૫.ત.ક.અધિકારી સુરેશ શામળભાઈ પરમાર ની જુબાની | ૧૨ |

**દસ્તાવેજી પુરાવો**

| વિગત | આંક |
|---|---|
| ૧.ફરિયાદી. | ૦૪ |
| ૨.પંચનામું | ૦૬ |
| ૩.શારીરિક તપાસણી ની યાદી | ૦૯ |
| ૪.ફોર્મ-એ | ૧૦ |
| ૫.ફોર્મ-બી | ૧૧ |
| ૬.ફોર્મ-સી | ૧૨ |

(૪). ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. ની દલીલ સાંભળી. વિ.એ.પી.પી.શ્રી એ દલીલ કરેલ છે કે આરોપી બનાવ ના દિવસે વગર પાસ પરમિટે દારૂ પીધેલ હાલતમાં મળી આવેલ છે. તબીબી પુરાવા દ્વારા આરોપી નું બ્લડ સેમ્પલ લેતા નિર્ધારિત માત્રા કરતાં વધુ માત્રા માં આરોપીના લોહીમાં આલ્કોહોલ નો માત્રા મળી આવેલ છે. આમ તબીબી પુરાવા દ્વારા આરોપીએ વગર પાસ પરમિટે દારૂ પીધેલ હોવાની હકીકત

પુરવાર થાય છે. આમ આરોપી વિરુદ્ધ નો ગુનો પ્રથમ દર્શનીય પુરવાર થતો હોઈ આરોપીને યોગ્ય સજા કરવા દલીલ કરેલ છે.

(૫). ઉપરોકત વિગતે આ કેસ ના ન્યાયિક નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-મુદ્દા-**

(૧). શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી એ તારીખ ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ ગેરકાયદેસર વગર પાસ પરમીટે જાહેરમાં પ્રતિબંધિત કેફી પીણું પીધેલી હાલતમા મળી આવી પકડાઈ જઈ પ્રોહી એક્ટ કલમ **૬૬(૧)બી**, ૮૫(૧) મુજબનો ગુનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે.?

(૨). શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દાઓ અંગેના કોર્ટ ના નિર્ણય કારણ સહિત નીચે મુજબ છે.

(૧). હકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

---કારણો--

<u>મુદ્દા નંબર ૧</u>

(૬). ફરિયાદપક્ષે આંક-૦૩ થી ફરીયાદી દશરથભાઈ બદાભાઈ માળી ને તપાસેલ છે. ફરીયાદી તેમણે પુરાવામાં જણાવે છે કે તારીખ ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ તથા એ.એસ.આઇ. સ્વરૂપસિંહ જાડેજા નાઓ પો.સ્ટેશન ખાતે હાજર હતા ત્યારે માલશી શામજી મહેશ્વરી વાળા ના ઓએ તેમના મોબાઈલ ફોનથી જાણ કરેલ કે એક ઈસમ કેફી પીણું પીધેલ હાલતમાં બકવાસ કરતો હોય તેઓ સ.વાહન મોબાઈલ નં.૨ થી બાતમીવાળી જગ્યાએ બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ ઇસમનું નામઠામ પૂછતાં પોતે પોતાનું નામ ભાવેશ શંભુભાઈ વાળંદ રહે. નખત્રાણા વાળો હોવાનું જણાવેલ અને પંચો રૂબરૂ તેનું મોઢું સૂંધી સુંઘાડી જોતાં કેફી પીણું પીધેલાની તીવ્ર વાસ આવતી હતી તેમજ આંખો જોતાં નશા તળે લાલઘૂમ તેમજ શરીરીનું સમતોલન જાળવી શકતા નહતા અને અંગ ઝડતી માથી કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહી. એ.એસ.આઇ. સ્વરૂપસિંહ જાડેજાએ કલાક ૨૧/૩૦ થી ૨૨/૦૦ સુધીનું પંચનામું કરી લીધેલ અને આરોપીને અટક કરેલ. તેઓએ આરોપી વિરુદ્ધ ફરીયાદ આપેલી. ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે.

(૭). ફરિયાદપક્ષે આંક-૦૫ થી પંચ સાહેદ પંચ સાહેદ ઉમેદભાઈ

કલુભાઇ મહેશ્વરી તથા આંક-૦૭ થી પંચ સાહેદ કેશર વાલા પારાધી ને તપાસેલ છે. પંચ સાહેદો તેમના પુરાવામાં જણાવે છે કે આશરે બે વર્ષ અગાઉ કનોજ ગામના બસ સ્ટેશન પાસે હાજર હતા ત્યારે પોલીસે એક તૈયાર પેપર પર સહી કરાવેલી સહી કઈ બાબત ની હતી તેની ખબર નથી. પંચ સાહેદો પંચનામાં માં તેમની સહી ઓળખી બતાવે છે. પંચ સાહેદો હોસટાઇલ જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઊલટ તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં નથી.

(૮). ફરિયાદપક્ષે આંક-૦૮ થી ડો. સુરેન્દ્રપાલ દરિયાવસિંગ મલીક ને તપાસેલ છે. સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તારીખ ૦૮/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ દયાપર મધ્યે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમની પાસે ના.સરોવર પોલીસ દ્વારા કલાક ૧૨/૧૦ પી.એમ. વાગે એક આરોપી નામે ભાવેશ શંભુલાલ વાળંદ રહે. નખત્રાણા વાળાને શારીરિક તપાસણી માટે લાવવામાં આવેલા જેમની શારીરિક તપાસણી કરતાં શ્વાસમાં આલ્કોહોલ ની વાસ હતી તેમની ભાષા અસભ્ય હતી અને ચાલ લથડતી હતી. તેમની આંખોની કીકી પહોળી હતી અને તેમના પ્રાથમીક અભિપ્રાય મુજબ તેઓ આલ્કોહોલ ની અસર તળે હતા. જે આરોપીનું બ્રાહ્ય પરીક્ષણ કરેલ અને તેનું ફોર્મ-એ તેમણે તૈયાર કરેલું તેમાં સહમતી માટે આરોપીની સહી લીધેલી. તેનું બ્લડ સેમ્પલ લેવા

માટે તેઓએ એક સિરિંઝ લીધેલી અને તેના હાથ ઉપર સાદા પાણી થી સાફ કરીને અને આલ્કોહોલનો સ્પર્શ ના થાય તેની તકેદારી રાખીને ૫ એમ.એલ. જેટલું લોહી ફિયાલમાં લીધેલું અને તે સેમ્પલ માં તેમણે જાતે એન્ટિકોગ્યુલન્ટ અને પ્રિઝરવેટિવ (સોડિયમ ક્લોરાઈડ અને પોટેશિયમ ઓઝ્ઝલેટ) નાખીને વ્યવસ્થિત રીતે હલાવીને ફિયાલને સી.એચ.સી. દયાપર ના લાખ સીલ વડે સીલ કરેલ અને તે સિલનો નમૂનો ફોર્મ-બી માં પણ કરેલો અને ફોર્મ-બી અસલ ગાંધીનગર એફ.એસ.એલ ખાતે આરપી.એ.ડી.થી ૦૮/૦૧/૨૦૨૨ ના રોજ મોક્લાવેલ અને તે સેમ્પલ કચેરીએ તારીખ ૦૪/૦૨/૨૦૨૨ ના રોજ પહોચેલ અને તેનું તારીખ ૧૬/૦૨/૨૦૨૨ ના રોજ પૃથકરણ કરતાં તે વ્યક્તિના લોહીમાં આલ્કોહોલ નું પ્રમાણ ૦.૦૮૪૪ નું મળી આવેલ. આમ આરોપી આલ્કોહોલની અસર તળે હતો.

(૯). ફરિયાદપક્ષે આંક-૧૩ થી તપાસ કરનાર અધિકારી સ્વરૂપસિંહ નવઘણજી જાડેજા ને તપાસેલ છે. સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તારીખ ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ ના. સરોવર પો.સ્ટેશન મધ્યે એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન કનોજ ગામે બસ સ્ટેશન પાસે એક ઈસમ કેફી પીણું પીધેલ હાલતમાં બકવાસ કરતો હોય પંચોને બોલાવી પંચો રૂબરૂ નામ ઠામ પૂછતાં પોતે પોતાનું નામ ભાવેશ શંભુભાઈ

વાળંદ રહે. નખત્રાણા વાળો હોવાનું તોતડાતી જીભે જણાવેલ અને તેના મોઢામાં થી કેફી પીણું પીધેલાની તીવ્ર વાસ આવતી હતી અને મજકૂર ઇસમને હલન ચલન કરાવીને જોતાં પોતાનું સમતોલન જાળવી શકતો નહતો અને લથડિયા ખાતો હતો અને મજકૂર ઇસમની આંખ નશાતળે લાલધૂમ જોવામાં આવેલ અને આંખોના ભાગે સોજો આવી ગયેલ હોય અને જાહેર માં કેફી પીણું પીવા માટે પાસ પરમિટ માંગતા તેની પાસે કોઈ પાસ પરમિટ નહી હોવાનું જણાવેલ અને પંચો રૂબરૂ ઉપરોક્ત ઇસમને અટક કરેલ. ઉપરોક્ત ઈસમ વિરુદ્ધ દશરથ માળી એ પ્રોહી કલમ ૬૬ (૧) બી તથા ૮૫(૧) મુજબની ફરિયાદ આપેલી જે ફરીયાદ ૩/૨૨ થી રજીસ્ટર થયેલ અને ત્યારબાદ આગળ ની તપાસ તેઓએન સોંપતા તેઓએ ઉપરોક્ત ઇસમનું મેડિકલ પરીક્ષણ કરાવેલ અને તેની વિરૂદ્ધ પુરાવો હોય ચાર્જશીટ કરેલું. આરોપીને જોયેથી ઓળખે છે.

<u>પુરાવાનું મુલ્યાંકન:-</u>

(૧૦). આ કામે ફરિયાદપક્ષ ના પુરાવા નું સર્વાંગી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી દશરથભાઈ બદાભાઈ માળી, તથા તપાસ કરનાર અધિકારી સ્વરૂપસિંહ નવઘણજી જાડેજા પોલીસ સાહેદ છે અને તેઓએ ફરિયાદ ની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપી આરોપીને કેફી પીણું પીધેલ હાલતમાં પંચો રૂબરૂ પંચનામું કરી અટક કર્યા બાબત નો પુરાવો આપેલ છે. આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદ ઉમેદભાઈ

કલુભાઇ મહેશ્વરી તથા પંચ સાહેદ કેશર વાલા પારાધી ને તપાસેલ છે. પંચ સાહેદો તેમના પુરાવામાં જણાવે છે કે આશરે બે વર્ષ અગાઉ કનોજ ગામના બસ સ્ટેશન પાસે હાજર હતા ત્યારે પોલીસે એક તૈયાર પેપર પર સહી કરાવેલી સહી કઈ બાબત ની હતી તેની ખબર નથી. પંચ સાહેદો પંચનામાં માં તેમની સહી ઓળખી બતાવે છે. પંચ સાહેદો હોસટાઇલ જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઊલટ તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં નથી. આમ પંચ સાહેદો ના પુરાવાથી પંચનામાં ની હકીકતોને સમર્થન કરતાં નથી. ફરિયાદપક્ષે સદર કામે ડો. સુરેન્દ્રપાલ મલેક ને તપાસેલ છે. સાહેદ તેમના તેમના પુરાવામાં જણાવે છે કે તારીખ ૦૮/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ દયાપર મધ્યે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમની પાસે ના.સરોવર પોલીસ દ્વારા કલાક ૧૨/૧૦ પી.એમ. વાગે એક આરોપી નામે ભાવેશ શંભુલાલ વાળંદ રહે. નખત્રાણા વાળાને શારીરિક તપાસણી માટે લાવવામાં આવેલા જેમની શારીરિક તપાસણી કરતાં શ્વાસમાં આલ્કોહોલ ની વાસ હતી તેમની ભાષા અસભ્ય હતી અને ચાલ લથડતી હતી. તેમની આંખોની કીકી પહોળી હતી અને તેમના પ્રાથમીક અભિપ્રાય મુજબ તેઓ આલ્કોહોલ ની અસર તળે હતા. જે આરોપીનું બ્રાહ્ય પરીક્ષણ કરેલ અને તેનું ફોર્મ-એ તેમણે તૈયાર કરેલું તેમાં સહમતી માટે આરોપીની સહી લીધેલી. તેનું બ્લડ સેમ્પલ લેવા માટે તેઓએ એક સિરિંઝ લીધેલી અને તેના હાથ ઉપર સાદા પાણી થી

સાફ કરીને અને આલ્કોહોલનો સ્પર્શ ના થાય તેની તકેદારી રાખીને ૫ એમ.એલ. જેટલું લોહી ફિયાલમાં લીધેલું અને તે સેમ્પલ માં તેમણે જાતે એન્ટિકોગ્યુલન્ટ અને પ્રિઝરર્વેટિવ (સોડિયમ ક્લોરાઈડ અને પોટેશિયમ ઓગ્ઝલેટ) નાખીને વ્યવસ્થિત રીતે હલાવીને ફિયાલને સી.એચ.સી. દયાપર ના લાખ સીલ વડે સીલ કરેલ અને તે સિલનો નમૂનો ફોર્મ-બી માં પણ કરેલો અને ફોર્મ-બી અસલ ગાંધીનગર એફ.એસ.એલ ખાતે આરપી.એ.ડી.થી ૦૮/૦૧/૨૦૨૨ ના રોજ મોક્લાવેલ અને તે સેમ્પલ કચેરીએ તારીખ ૦૪/૦૨/૨૦૨૨ ના રોજ પહોચેલ અને તેનું તારીખ ૧૬/૦૨/૨૦૨૨ ના રોજ પૃથકરણ થયેલ Bombay Prohibition (Medical Examination) and Blood Test Rules 1959 ની જોગવાઈ મુજબ બ્લડ સેમ્પલ લીધા બાદ તપાસની સારું સાત દિવસમાં પહોચવું જરૂરી છે. આ કામે મેડિકલ ઓફિસર નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ તારીખ ૦૮/૦૧/૨૦૨૨ ના રોજ બીએલએસ સેમ્પલ આર.પી.એ.ડી.થી મોકલેલ છે અને જે બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.કચેરીએ તારીખ ૦૪/૦૨/૨૨ ના રોજ પહોચેલ છે. આમ બ્લડ સેમ્પલ સાત દિવસ બાદ એફ.એસ.એલ કચેરીએ પહોચેલ છે. આમ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા Bombay Prohibition (Medical Examination) and Blood Test Rules 1959 ની આદેશાત્મક જોગવાઈ નો પ્રથમ દર્શનીય ભંગ થયેલા નું ફલીત થાય છે. ક્રિમિનલ લો નો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે નિ:શંકપણે કેસ પુરવાર કરવો પડે

અને શંકાનો લાભ આરોપી ને મળવો જોઈએ. આમ રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતાં મુદ્દા નંબર ૧. નો જવાબ  નકારમાં આપી, મુદ્દા નંબર ૨ સબબ ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**---હુકમ---**

(૧). ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૫(૧) અન્વયે આ કામ ના આરોપી ને પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ ના ગુનામાં શંકાનો લાભ  આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮-એપ્રિલ- સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. દયાપર. (જીગર દિલીપભાઇ ત્રિવેદી)
જ્યુડી.મેજી.ફ.ક.દયાપર
તારીખ- ૧૮/૦૪/૨૦૨૬ કોડનંબર-જી.જે-૦૧૦૬૩.